# ભારત સરકારનું અસાધારણ ગેઝેટ

ભાગ-૨, વિભાગ-૧

સત્તાધિકારથી પ્રકાશિત

અનુ-૬ નવી દિલ્હી, ગુરૂવાર, જાન્યુઆરી ૧૧, ૨૦૦૭

પોષ ૨૧, ૧૯૨૮


## કાનૂની અને ન્યાય મંત્રાલય

### (વૈધાનિક વિભાગ)

નવી દિલ્હી, તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૦૭, પોષ ૨૧, ૧૯૨૮ (શક સંવત)

નીચેના અધિનિયમને તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૦૭ના રોજ ભારતના રાષ્ટ્રપ્રમુખની સંમતિ મળતાં તેને જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

## બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ, ૨૦૦૬
## સને ૨૦૦૭ નો ૬ ઠ્ઠો કાયદો

(૧૦ મી જાન્યુઆરી,૨૦૦૭)

આ કાયદો બાળલગ્નો અને તેની સાથે સંકળાયેલી બાબતો અથવા તેને આનુસાંગિક એવી બાબતો થતી અટકાવવા માટેની જોગવાઈ માટે છે.

ભારતના પ્રજાસત્તાકના સત્તાવનમાં વર્ષમાં સંસદ દ્વારા નીચે પ્રમાણે કાયદો બનાવવામાં આવ્યો :

૧    ૧)    આ અધિનિયમ બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૬ તરીકે ઓળખાશે.

૨) તે જમ્મુ અને કાશ્મીર સિવાય સમગ્ર ભારતને લાગુ પડશે, તેમજ તે ભારતમાં તેમજ ભારતની બહાર વસતા તમામ ભારતીય નાગરિકોને લાગુ પડશે.

પરંતુ આ અધિનિયમમાં જણાવેલી કોઈપણ બાબત પોંડીચેરીના કેન્દ્ર વિસ્તારના વિસ્થાપિતોને લાગુ પડશે નહિ.

૩) તે કાયદો, કેન્દ્ર સરકાર સરકારી ગેઝેટમાં જાહેરનામું બહાર પાડીને નક્કી કરે તે તારીખથી અમલમાં આવશે, તેમજ જુદાં જુદાં રાજ્યો માટે જુદી જુદી તારીખો નક્કી કરી શકાશે અને આ કાયદો અમલમાં આવવાની તારીખ સંબંધી કોઈ જોગવાઈ સંબંધી સંદર્ભ તે રાજ્યમાં જોગવાઈ લાગુ કરવાની તારીખના અર્થઘટનના સંદર્ભમાં હશે.

૨) આ અધિનિયમમાં, જો બીજા કોઈ સંદર્ભમાં અન્યથા જરૂરિયાત નહિ હોય તો,

ક) 'બાળક' એટલે જો પુરુષ હોય તો જેણે ૨૧ વર્ષની ઉંમર પૂરી કરી નથી, અને જો 'સ્ત્રી' હોય તો જેણે ૧૮ વર્ષની ઉંમર પૂરી કરી નથી.

ખ) 'બાળલગ્ન' એટલે એવાં લગ્ન જેમાં લગ્ન કરનાર બે પક્ષ પૈકી કોઈપણ પક્ષ બાળક હોય

ગ) લગ્ન સંબંધી, 'લગ્ન કરનાર પક્ષ' એટલે લગ્ન કરનાર બેઉ પક્ષ પૈકી કોઈપણ પક્ષ જેનાં લગ્ન થઈ રહેલ છે અથવા થનાર છે.

ઘ) 'બાળલગ્ન પ્રતિબંધક અધિકારી' માં આ કાયદાની કલમ ૧૬ નીચે નિમાયેલ 'બાળલગ્ન, પ્રતિબંધક અધિકારી' નો સમાવેશ થશે.

ચ) "જિલ્લા અદાલત" એટલે કોઈપણ વિસ્તારની સને ૧૯૮૪ ની ફેમિલિ કોર્ટ અધિનિયમની કલમ ૩ નીચે સ્થપાયેલી ફેમીલ કોર્ટ જે અસ્તિત્વ ધરાવતી હોય તો તે, અને કોઈપણ વિસ્તારમાં જો ફેમિલિ કોર્ટ ન હોય પરંતુ સિવિલ કોર્ટ અસ્તિત્વ ધરાવતી હોય તો તે કોર્ટ અને અન્ય કોઈપણ વિસ્તારમાં મૂળ ન્યાયક્ષેત્ર ધરાવતી પ્રિન્સિપાલ સિવિલ કોર્ટ અને તેમાં રાજ્ય સરકાર જો સરકારી ગેઝેટમાં જાહેરનામું બહાર પાડીને, આ કાયદાની બાબત સંબંધી જેનું ન્યાયક્ષેત્ર હોવાનું નિર્દેશ કરે તે સિવિલ કોર્ટનો સમાવેશ થાય છે.

છ) 'સગીર' એટલે એવી વ્યક્તિ જેણે માઈનોરીટી એક્ટ ૧૮૭૫ની જોગવાઈ અનુસાર પુખ્તાવસ્થા પ્રાપ્ત કરી નથી તે

૩) ૧) કોઈપણ બાળલગ્ન પછી તે આ કાયદો અમલમાં આવ્યો તે પહેલાં કે તે પછી કરવામાં આવ્યું હોય તે જે વ્યક્તિ લગ્ન કરતી વખતે બાળક હતી તેની પસંદગીથી રદ કરવાને પાત્ર બનશે.

પરંતુ, આવું બાળલગ્ન રદ કરવા માટેનું હુકમનામું મેળવવા માટેની અરજી, લગ્ન સમયે પોતે બાળક હતી તેવી વ્યક્તિ દ્વારા જિલ્લા અદાલતમાં કરી હોવી જોઈએ.

૨) જો અરજી કરતી વખતે અરજદાર પોતે સગીર હોય તો આવી અરજી તેના કે તેણીના વાલી દ્વારા અથવા બાળલગ્ન પ્રતિબંધક અધિકારી ઉપરાંત અન્ય મિત્ર મારફતે કરી શકાશે.

૩) આ કલમ નીચે અરજી ગમે ત્યારે કરી શકશે, પરંતુ અરજી કરનાર બાળક પુખ્તાવસ્થા પ્રાપ્ત કર્યાના બે વર્ષ પૂરાં કરે તે પહેલાં તે કરવાની રહેશે.

૪) આ કલમ નીચે લગ્ન રદ કરવાનું હુકમનામું મંજૂર કરતી વખતે જિલ્લા અદાલત લગ્ન કરનાર બંને પક્ષોને તેમજ તેમનાં માતાપિતાને કે વાલીઓને લગ્ન વિધિ સમયે સામા પક્ષ તરફથી જે રોકડ રકમ, મૂલ્યવાન વસ્તુઓ, ઘરેણાં કે અન્ય ભેટ-સોગાદ મેળવ્યાં હોય તે જેની પાસેથી તે મેળવ્યાં હતાં તે પક્ષને કે તેનાં માતાપિતાને કે વાલીઓને જે લાગુ પડતું હોય તે, તે તમામ રોકડ રકમ, મૂલ્યવાન વસ્તુઓ, ઘરેણાં કે અન્ય ભેટસોગાદ અથવા તો તેની કિંમત જેટલી રોકડ રકમ સામા પક્ષને પરત કરવા માટે હુકમ કરશે.

પરંતુ, જો સંબંધિત પક્ષોને, આવો હુકમ શા માટે ન કરવો તેનાં કારણો દર્શાવવા માટે નોટીસ આપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થવા માટે ન જણાવવામાં આવ્યું હોય તો આ કલમ નીચે તેવો હુકમ કરી શકાશે નહિ.

૪) ૧) કલમ--૩ નીચે આવું હુકમનામું મંજૂર કરતી વખતે જિલ્લા અદાલત, બાળલગ્ન કરનાર પુરૂષ વ્યક્તિને, અને જો આવું બાળલગ્ન કરનાર પુરૂષ વ્યક્તિ સગીર હોય તો તેનાં માતાપિતા કે વાલીને, બાળલગ્ન કરનાર સ્ત્રી

વ્યક્તિને, તે જ્યાં સુધી પુનઃ લગ્ન ન કરે ત્યાં સુધી તેને નિભાવ ખર્ચ આપવા માટે વચગાળાનો કે અંતિમ હુકમ કરી શકશે.

૨) આવા ચૂકવવાપાત્ર નિભાવખર્ચની રકમ જિલ્લા અદાલત દ્વારા નક્કી કરતી વખતે તે બાળકની જરૂરિયાતો, તેની લગ્ન દરમિયાન તેણે જે જીવનશૈલી ભોગવી તે તેમજ ચૂકવનાર વ્યક્તિની આવક વગેરે બાબતો ધ્યાનમાં લેશે.

૩) નિભાવ માટેની રકમ દર માસિક અથવા ઉચ્ચક એક જ વખત ચૂકવવાના હુકમ કરી શકાશે.

૪) જો કલમ ૩ નીચે હુકમનામું માંગનાર વ્યક્તિ લગ્ન કરનાર સ્ત્રી પક્ષ હોય તો જિલ્લા અદાલત, તેના પુનઃ લગ્ન ન થાય ત્યાં સુધી તેના નિવાસસ્થાન સંબંધી પણ યોગ્ય તે હુકમ કરી શકાશે.

૫) ૧.) જો બાળલગ્નથી બાળકો જન્મ્યાં હશે તો જિલ્લા અદાલત બાળકોના કબજા સંબંધી યોગ્ય તે હુકમ કરશે.

૨.) આ કલમ નીચે બાળકોના કબજા સંબંધી હુકમ કરતી વખતે જિલ્લા અદાલત બાળકના કલ્યાણ અને તેના શ્રેષ્ઠ હિતનું સર્વોપરિ મહત્વ આપશે.

૩) બાળકના કબજા સંબંધી આદેશમાં અન્ય પક્ષને બાળકનું શ્રેષ્ઠ હિત જળવાય તે રીતે બાળકને મળવા સંબંધી યોગ્ય સૂચનાઓ તેમજ જિલ્લા અદાલતને બાળકની હિત સંબંધી યોગ્ય જણાય તે અન્ય સૂચનાઓ સમાવિષ્ટ થશે.

૪) જિલ્લા અદાલત, લગ્ન કરનાર વ્યક્તિ અથવા તેના માતાપિતા કે વાલી દ્વારા બાળકના ભરણપોષણ માટે યોગ્ય હુકમ કરી શકશે.

૬) કલમ ૩ નીચે હુકમનામાથી બાળલગ્ન રદબાતલ ઠરાવવામાં આવ્યું હોવા છતાં, આવું હુકમનામું કરવામાં આવ્યું તે પહેલાં આવા લગ્ન દ્વારા પેદા થયેલ અથવા ગર્ભાવસ્થામાં આવેલ બાળક, પછી ભલે તે આ કાયદો અમલમાં આવ્યો તે પહેલાં કે

પછી જન્મ્યું હોય તો પણ તમામ હેતુ માટે તે કાયદેસરનું બાળક જ ગણવામાં આવશે.

૭) જિલ્લા અદાલતને કલમ ૪ અથવા કલમ ૫ નીચે કરવામાં આવેલ હુકમમાં અરજી પડતર હોય તે સમયગાળામાં અથવા તો અરજીના અંતિમ નિકાલ થઈ ગયા પછી પણ પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થયેલ હોય તો, તે હુકમમાં ઉમેરો કરવાની, તેમાં ફેરફાર કરવાની કે તે પાછો ખેંચી લેવાની સત્તા છે.

૮) કલમ ૩, ૪ અને ૫ નીચે રાહત મંજૂર કરવા માટે ન્યાયક્ષેત્ર ધરાવતી જિલ્લા અદાલતમાં, પ્રતિવાદી અથવા બાળક જ્યાં રહેતા હોય અથવા જે સ્થાને લગ્ન વિધિ થયેલ હોય અથવા જે સ્થાને પક્ષકારો સાથે છેલ્લે રહેલા હોય અથવા તો અરજી કરવાને સમયે અરજદાર રહેતા હોય તે સ્થાન સંબંધી ન્યાયક્ષેત્ર ધરાવતી જિલ્લા અદાલતનો સમાવેશ થશે.

૯) જો ૧૮ વર્ષથી વધારે વય ધરાવતી પુરુષ વ્યક્તિ બાળલગ્ન કરે તો બે વર્ષ સુધીની મુદતની સખત કેદની સજા અથવા રૂપિયા એક લાખ સુધીના દંડની સજા અથવા બંને થઈ શકશે.

૧૦) જે કોઈ વ્યક્તિ બાળલગ્ન કરાવે, સંચાલન કરે, સૂચના આપે અથવા મદદગારી કરે તો તેને બે વર્ષ સુધીની સખત કેદની સજા અને રૂપિયા એક લાખ સુધીના દંડની સજા થઈ શકશે, સિવાય કે તે સાબિત કરે કે તે લગ્ન બાળલગ્ન ન હતાં તેમ માનવાને તેની પાસે કારણ હતાં.

૧૧) ૧) જ્યારે કોઈ બાળક બાળલગ્ન કરે ત્યારે તે બાળકનો હવાલો ધરાવનાર વ્યક્તિ જે માતાપિતા તરીકે કે વાલી તરીકે તેનો હવાલો ધરાવતી હોય અથવા અન્ય કોઈપણ પ્રકારે કાયદેસર કે બિનકાયદેસર કોઈપણ પ્રકારે હવાલો ધરાવતી અન્ય કોઈ વ્યક્તિ જેમાં કોઈ સંસ્થા કે મંડળની વ્યક્તિ જે આવું લગ્ન પ્રોત્સાહિત કરવા માટેનું એવું કોઈ કૃત્ય કરે અથવા લગ્નવિધિ કરાવવા માટે મંજૂરી આપે અથવા તો તે પ્રમાણે લગ્નવિધિ થતી અટકાવવા માટે બેદરકારીપૂર્વક નિષ્ફળ નીવડે અથવા તો બાળલગ્નમાં ભાગ લે તો

તેને બે વર્ષ સુધીની સખત કેદની સજા તેમજ રૂપિયા એક લાખ સુધીનો દંડ થઈ શકશે.

પરંતુ કોઈપણ સ્ત્રીને જેલની સજા થઈ શકશે નહિ.

૨) આ કલમ માટે, એમ માની લેવામાં આવ્યું છે કે જ્યાં સુધી તેની વિરુધ્ધનું પૂરવાર કરવામાં ન આવે ત્યાં સુધી, જ્યાં કોઈ સગીર વયના બાળકનું લગ્ન થાય તો તેવા સગીર બાળકનો હવાલો ધરાવતી વ્યક્તિ લગ્નવિધિ થતી અટકાવવા માટે બેદરકારીપૂર્વક નિષ્ફળ નીવડી છે, તેમ માની લેવામાં આવશે.

૧૨) જ્યાં કોઈ બાળક સગીર વયનું હોય અને

ક) તેને છીનવી લેવામાં આવે અથવા તેના કાયદેસરના વાલી પાસેથી પ્રલોભન મ્દારા તેનો કબજો મેળવવામાં આવે અથવા

ખ) દાબ-દબાવ મ્દારા તેને ફરજ પાડવામાં આવે અથવા યુક્તિપૂર્વકના સાધન મ્દારા તેને અમુક સ્થાનથી દૂર જવા મજબૂર કરવામાં આવે, અથવા

ગ) તેનું લગ્નના હેતુ માટે વેચાણ કરવામાં આવે અથવા લગ્નના કોઈ સ્વરૂપમાં તેને પસાર કરવામાં આવે અથવા સગીરનું જો લગ્ન થઈ ગયું હોય અને તે પછી તે સગીરનું વેચાણ કરવામાં આવે અથવા તેનો વ્યાપાર કરવામાં આવે અથવા અનૈતિક હેતુ માટે તેનો દુરુપયોગ કરવામાં આવે, તો આવાં લગ્ન રદબાતલ અને નિરર્થક ગણાશે.

૧૩) ૧). આ કાયદામાં જે કંઈ દર્શાવાયું છે તેની વિરુધ્ધનું કંઈ પણ હોય તો પણ જો બાળલગ્ન પ્રતિબંધક અધિકારીની અરજી પરથી અથવા કોઈ ફરિયાદ મ્દારા મળેલી માહિતી પરથી અથવા અન્ય કોઈપણ રીતે કોઈ વ્યક્તિ પાસેથી માહિતી મળ્યેથી, જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, ફર્સ્ટક્લાસ અથવા મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટને એમ સંતોષ થાય કે આ કાયદાની જોગવાઈઓનો ભંગ કરીને બાળલગ્ન ગોઠવાયું છે, અથવા બાળલગ્નની વિધિ થનાર છે તો તે મેજિસ્ટ્રેટ કોઈપણ સંસ્થા કે મંડળના સભ્ય સહિત કોઈપણ વ્યક્તિ ઉપર તેવું લગ્ન બંધ રાખવા માટે મનાઈહુકમ ફરમાવશે.

૨) કોઈ વ્યક્તિને બાળલગ્ન કે બાળલગ્નો થવાની અથવા તો બાળલગ્ન / બાળલગ્નોની વિધિ થવા સંબંધી અંગત જાણકારી હોય અને બિનસરકારી સંગઠનની પાસે આવી વ્યાજબી માહિતી હોય તો તે ઉપરની પેટા કલમ (૧) નીચે આવી ફરિયાદ કરી શકે છે.

૩) જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ અથવા મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની અદાલત કોઈ વિશ્વસનીય અહેવાલ કે માહિતીને આધાર પોતાની મેળે (સુઓ મોટો) લક્ષ આપી શકશે.

૪) અક્ષયતૃતીયા જેવી ખાસ દિવસોએ મોટા પ્રમાણમાં થતાં બાળલગ્નો અટકાવવાના હેતુથી જિલ્લા મેજિસ્ટ્રેટને આ કાયદા નીચે અથવા કાયદા મુજબ બાળલગ્ન પ્રતિબંધક અધિકારીને આપવામાં આવેલ તમામ સત્તાઓ સાથે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી તરીકે ગણવામાં આવશે.

૫) જિલ્લા મેજિસ્ટ્રેટોને બાળલગ્નો થતાં અટકાવવા કે બંધ રખાવવાનો બીજી કેટલીક વધારાની સત્તાઓ પણ હશે અને આ હેતુ માટે તે તમામ યોગ્ય જણાય તે પગલાં લઈ શકાશે અને ન્યૂનતમ જરૂરી બળનો ઉપયોગ કરશે.

૬) જ્યાં સુધી અદાલત અગાઉથી કોઈ વ્યક્તિને અથવા કોઈ સંગઠનની કે મંડળના સભ્યોને જે લાગુ પડતું હોય તેને નોટીસ ન આપી હોય અને તેને અથવા તેમને, મનાઈહુકમ શા માટે ન આપતો તેનું કારણ દર્શાવવાની તક ન આપી હોય ત્યા સુધી, ઉપરની પેટા કલમ (૧) નીચે કોઈ મનાઈહુકમ આપશે નહિ.

પરંતુ, જરૂરી એવા કિસ્સામાં, આ કલમ નીચે કોઈપણ નોટીસ આપ્યા વિના અદાલતને વચગાળાનો મનાઈહુકમ આપવાની સત્તા રહેશે.

૭) જે કોઈ પક્ષની સામે પેટા કલમ (૧) નીચે મનાઈહુકમ જારી કરવામાં આવ્યો હોય તેમને નોટીસ આપી તેમને સાંભળીને મનાઈહુકમ ચાલુ રાખી શકાશે કે પાછો ખેંચી લેવાશે.

..૮..

૮) અદાલત પોતાની મેળે અથવા તો નારાજ થયેલ પક્ષની અરજીને આધારે પેટા કલમ (૧) નીચે જારી કરેલ મનાઈહુકમ રદબાતલ કરશે અથવા તેમાં ફેરફાર કરશે.

૯) પેટા કલમ (૧) નીચે અરજી મળતાં, અદાલત અરજદારને વહેલામાં વહેલી તકે રૂબરૂ પોતાની સમક્ષ ઉપસ્થિત થવા અગર વકીલ મારફતે રજૂ થવા જણાવશે અને અદાલત અરજદારને સાંભળીને તેની અરજી સંપૂર્ણપણે કે અંશતઃ ફગાવી દેશે અને તેમ કરવા માટેનાં કારણો નોંધશે.

૧૦) પોતાની સામે પેટા કલમ (૧) નીચે મનાઈહુકમ જારી કરવામાં આવેલ છે એમ જાણ્યા પછી પણ જે વ્યક્તિ આવા મનાઈ હુકમનો ભંગ કરે તેને બે વર્ષ સુધીની સાદી અથવા સખત કેદની સજા અથવા રૂપિયા એક લાખ સુધીનો દંડ અથવા બંને કરી શકાશે.

પરંતુ, કોઈપણ સ્ત્રીને જેલની સજા કરવામાં આવશે નહિ.

૧૪) કલમ ૧૩ નીચે જારી કરવામાં આવેલ વચગાળાના કે કાયમી મનાઈહુકમનો ભંગ કરીને જે કોઈ બાળલગ્ન કરવામાં આવે તે શરૂઆતના તબક્કે જ રદ થશે.

૧૫) ફોજદારી કાર્યરીતિ, ૧૯૭૩માં જે કંઈ જણાવાયું હોય, પરંતુ આ કાયદા નીચે સજાપાત્ર ગુનો પોલીસ હુકમનો (કોગ્નીઝેબલ) અને બિન જામીનપાત્ર ગણાશે.

૧૬) ૧) રાજ્ય સરકાર, સરકારી ગેઝેટમાં જાહેરનામું બહાર પાડીને સમગ્ર રાજ્ય માટે અથવા તો જાહેરનામામાં નિર્દિષ્ટ કર્યા મુજબ તેના કોઈ ભાગ માટે તે જાહેરનામામાં નિર્દિષ્ટ કર્યા મુજબના વિસ્તાર કે વિસ્તારો માટે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી તરીકે ઓળખાતા અધિકારી કે અધિકારીઓની નિમણૂંક કરશે.

૨) રાજ્ય સરકાર જે તે વિસ્તારના સન્માનીય સભ્ય જેઓ સમાજ સેવાનો રેકોર્ડ ધરાવતા હોય અથવા ગ્રામ પંચાયતના કે નગરપાલિકાના અધિકારીને અથવા સરકારના કે સરકારી જાહેર સાહસના અધિકારીને અગર કોઈ બિન સરકારી સંગઠનના હોદ્દેદારને બાળલગ્ન પ્રતિબંધક અધિકારીનો સહાય કરવા માટે વિનંતી કરશે અને તે સભ્ય, અધિકારી કે હોદ્દેદાર, જે લાગુ પડતું હોય તે, તેમ કરવા માટે બંધનકર્તા રહેશે.

૩) બાળલગ્ન પ્રતિબંધક અધિકારીઓની ફરજો નીચે પ્રમાણે રહેશે :

ક) યોગ્ય લાગે તે પ્રકારનાં તમામ પગલાં લઈ બાળલગ્ન થતાં અટકાવવાં

ખ) આ કાયદાની જોગવાઈઓનો ભંગ કરનાર વ્યક્તિઓ સામે અસરકારક કાનૂની કાર્યવાહી ચલાવવા માટે પુરાવા એકત્ર કરવા.

ગ) વ્યક્તિગત કિસ્સાઓમાં સલાહસૂચન આપવી અથવા વિસ્તારના લોકોને સામાન્ય પ્રકારે તેમને બાળલગ્નોને પ્રોત્સાહન ન આપવા અથવા બાળલગ્નો થવા ન દેવા પરામર્શ કરવું

ઘ) બાળલગ્નોની ખરાબ અસરો અંગે જાગૃતિ કેળવવી

ચ) બાળલગ્નો સંબંધી સમુદાયમાં સંવેદનશીલતા પ્રગટાવવી.

છ) રાજ્ય સરકાર સૂચવે તેવાં સમયાંતરે પત્રકો અને આંકડાઓ રજૂ કરવા.

જ) રાજ્ય સરકાર તેમને સૂચવે તેવાં કાર્યો અને ફરજો બજાવવાં.

૪) રાજ્ય સરકાર, સરકારી ગેઝેટમાં જાહેરનામું બહાર પાડીને, કેટલીક શરતો અને મર્યાદાઓને આધીન રહીને બાળલગ્ન પ્રતિબંધક અધિકારીઓને, જાહેરનામામાં નિર્દિષ્ટ કર્યા મુજબની પોલીસ અધિકારી તરીકેની સત્તાઓ આપવી અને બાળ લગ્ન પ્રતિબંધક અધિકારીઓ

જાહેરનામામાં નિર્દિષ્ટ કરી હોય તે શરતો અને મર્યાદાઓને આધીન રહીને તે સત્તાઓનો ઉપયોગ કરશે.

૫) બાળલગ્ન પ્રતિબંધક અધિકારીને કલમ ૪, ૫ અને ૧૩ નીચે હુકમો મેળવવા અદાલત સમક્ષ જવાની સત્તા રહેશે અને કલમ ૩ નીચે બાળક સાથે જવાની સત્તા રહેશે.

૧૭) બાળલગ્ન પ્રતિબંધક અધિકારી ભારતીય દંડ સંહિતાની કલમ ૨૧ નીચેના અર્થમાં જાહેર સેવક ગણાશે.

૧૮) બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સાથે, તેણે શુધ્ધ બુધ્ધિથી આ કાયદાનો અમલ કરવા માટે કે તેની હેઠળ ઘડાયેલા નિયમો હોય, જે કંઈ કર્યું હોય કે કરવાનો ઈરાદો રાખ્યો હોય તે માટે તેની સામે કોઈ દાવો, ફરિયાદ કે કાનૂની કાર્યવાહી કરી શકાશે નહિ.

૧૯) ૧) રાજય સરકાર સરકારી ગેઝેટમાં જાહેરનામું બહાર પાડીને આ કાયદાની જોગવાઈઓનો અમલ કરવા માટે નિયમો બનાવશે.

૨) આ અધિનિયમ હેઠળ બનાવવામાં આવેલા નિયમો, શકય તેટલા જલદી, રાજય વિધાનસભા સમક્ષ રજૂ કરાશે.

૨૦) હિન્દુ લગ્ન ધારો ૧૯૫૫ ની કલમ ૧૮(અ) માં દર્શાવેલ શબ્દસમૂહ બદલીને નીચે પ્રમાણે ફેરફાર દાખલ કરવો :

અ) કલમ ૫ ની જોગવાઈ (૩) માં નિર્દિષ્ટ કોઈ શરતનો ભંગ કરવામાં આવે તે કિસ્સામાં બે વર્ષ સુધીની સખત કેદની સજા અને રૂપિયા એક લાખ સુધીનો દંડ અથવા બંને કરી શકાશે.

૨૧) ૧) સને ૧૯૨૯ નો બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ આથી પાછો ખેંચી લેવામાં આવે છે.

૨) આ પ્રમાણે તે કાયદો પાછો ખેંચી લેવા છતાં, તેની હેઠળ બાકી રહેતા કેસો તેમજ બાકી રહેતી કાર્યવાહી આ કાયદો અમલમાં આવ્યા છતાં જાણે કે આ કાયદો પસાર થયો જ નથી એમ માનીને પાછા ખેંચી લેવાયેલ કાયદા નીચે ચાલુ રાખીને તેનો નિકાલ કરી શકાશે.

કે.એમ. ચતુર્વેદી
ભારત સરકારના સચિવ